કચ્છમિત્ર
સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પ્રકાશન
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર

# પાણીદાર કચ્છના સ્વપ્નસેવી

## બીજી પુણ્યતિથિએ વિશેષ



શાશ્વત સ્મૃતિ દામજીભાઈ એન્કરવાલા

> કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની અછતગ્રસ્ત સૂકી ધરતી હવે નર્મદાના નીરથી લીલીછમ થશે... ગુજરાતના લોકોને ભોગવવી પડતી પીવાના પાણીની ખેંચ દૂર થશે. કચ્છના માલદારીઓને દુષ્કાળ વખતે એમના પશુધન સાથે હંગામી સ્થળાંતર કરવાની હાડમારીથી મુક્તિ મળશે.





કચ્છમાં જળસંચય-કૂવા રિચાર્જ કામગીરી માટે દામજીભાઈ એન્કરવાલા પરિવાર તરફથી રૂા. સવા કરોડના દાનનું એલાન

૮

# પાણીદાર કચ્છના સ્વપ્નસેવી

બીજી પુણ્યતિથિએ વિશેષ



JANMABHOOMI GROUP
કચ્છમિત્ર
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર

"અમારા બાહુમાં બળ હશે ત્યાં સુધી રણને અમે દૂર-દૂર ફેંકી દઈશું. માત્ર ગુજરાતને નહીં સમગ્ર રાષ્ટ્રને આબાદ બનાવીશું અને આગળ ધપાવીશું."








પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયી અને પૂર્વ મુખ્યમંત્રી સુરેશભાઈ મહેતા સાથે



શિવસેના પ્રમુખ બાલાસાહેબ ઠાકરે અને સંગીતકાર આણંદજીભાઈ સાથે હળવી પળોમાં.

## દામજીભાઈના આહ્વાનના પગલે મુંબઈના માર્ગો પર માનવ મહેરામણ ઊમટ્યો

મુંબઈની પ્રતિષ્ઠિત એન્કરવાલા પેઢીના પ્રણેતા, જાણીતા ઉદ્યોગપતિ શ્રી દામજીભાઈ શાહ (એન્કરવાલા)ના અધ્યક્ષપદે અને મુંબઈના વ્યાપારી મંડળોના અગ્રણી શ્રી અમર જરીવાલાના કન્વીનર પદે 'નર્મદા સમર્થન અભિયાન', મુંબઈની સમસ્ત ટ્રેડ કોમર્સ અને ઔદ્યોગિક કમ્યુનિટીના સમર્થન સાથે એડહોક સમિતિનું ગઠન થયું. આ સમિતિના ગઠન સમયે જ નર્મદા વિરોધીઓને પડકારવાના પ્રથમ પગલાંરૂપે મહાનગર મુંબઈમાં મુંબઈગરા ગુજરાતીઓની મહારેલીનું આયોજન થયું.

### સ્વયંભૂ પ્રયાસ

શ્રી દામજીભાઈના આહ્વાનના પગલે 'નર્મદા સમર્થન અભિયાન સમિતિ' પ્રાયોજિત ૭ જૂન, ૧૯૯૦ની મુંબઈ મહારેલીની નોંધપાત્ર વિશેષતા એ હતી કે એ રેલી કોઈ રાજકીય પાર્ટીનાં નેતૃત્વ કે દોરવણી હેઠળ આયોજિત નહોતી. ગુજરાતની તૃષાતુર જનતાના મૂળભૂત અધિકાર 'પાણી' માટેની તીવ્ર માંગની સંભવિત પૂર્તિ આડે આવતા કેટલાક સ્થાપિત હિતો ધરાવતા પ્રતિક્રિયાવાદી તત્ત્વોને ગુજરાત સરકારે આપેલી ચેલેન્જનો અવાજ બુલંદ કરવાનો, મુંબઈમાં વસતા મધ્યમવર્ગના વ્યવહારકુશળ લોકોનો 'સ્વયંભૂ' સામૂહિક પ્રયાસ હતો.

### સામૂહિક સહયોગ

મુંબઈના બધા જ નાના-મોટા વ્યાપારિક સંગઠનો, પરચૂરણ દુકાનદારો, ગુમાસ્તાઓ, કારીગરો, મુંબઈના વિવિધ વિસ્તારોમાં વસતા ગુજરાતીઓના જ્ઞાતિ મંડળો, મહિલા મંડળો, યુવક મંડળો, નાના-મોટા ઉદ્યમીઓ, પ્રોફેશનલો, કલાકારો, સાહિત્યસર્જકો, સહુ કોઈ, જેમને પણ એમના વતનના લોકોને ભોગવવી પડતી પાણીની તીવ્ર અછતની જાણ અને ચિંતા હતી, એ સર્વેએ આ રેલીનું લાગણીસભર સ્વાગત કર્યું હતું. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી શરદ પવારે આ રેલીને શુભેચ્છાઓ પાઠવી હતી. પૂર્વ પ્રધાનમંત્રી શ્રી મોરારજી દેસાઈ અને શિવસેના સુપ્રીમો બાલાસાહેબ ઠાકરેએ આ રેલીને આશીર્વાદ આપ્યા હતા. પ.પૂ. પ્રમુખ સ્વામી મહારાજ અને પ.પૂ. મોરારિબાપુએ આ રેલીના અંતિમ ચરણે આયોજિત જાહેર સભાને રૂબરૂ સંબોધી હતી. ગુજરાતના પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઇ જશભાઇ પટેલે રેલી પશ્ચાત જાહેરસભામાં એકત્રિત મેદનીને સંબોધી હતી. આ વિશાળ રેલીની સફળતા પછી નર્મદા યોજના ફરી એકવાર જોશભેર આરંભાઈ અને નર્મદા યોજના વિરોધીઓના હાથ હેઠા પડ્યા.





JANMABHOOMI GROUP
કચ્છમિત્ર
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર

**“ એ વાતનો હર્ષ છે કે કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતની અછતગ્રસ્ત સૂકી ધરતી, હવે નર્મદાના નીરથી લીલીછમ થશે... ”**

# -ને દામજીભાઈએ નર્મદાનાં નીરથી કચ્છની ધરતીની વેરાની દૂર કરવાનો સંકલ્પ લીધો

## પાણીની બુંદ માટે ટળવળતા પશુઓ અને ગ્રામીણજનોની વેદના સ્પર્શી ગઈ...

■ દીપક માંકડ

'સમય થોડો હતો. વાત મુંબઈની હતી. માઈલો સુધી પાઘડીપને ફેલાયેલા મહાનગરના સમસ્ત ગુજરાતીઓએ એક થઈને નર્મદા વિરોધી તાકાતોનો સામનો કરવાનો પડકાર હતો. ૭મી જૂન ૧૯૯૦ના દિવસે એક લાખથી વધુ કચ્છી-ગુજરાતીઓએ ઐતિહાસિક રેલી યોજીને રણટંકાર કરી દીધો કે ગુજરાતની જીવાદોરી નર્મદા યોજના પરિપૂર્ણ કરીને જ ઝંપશું.

વૉટરમેન ઓફ કચ્છ દામજીભાઈ એન્કવાલા સાથે કચ્છનો નર્મદા પ્રશ્ન ચર્ચાય અને મુંબઈની રેલીનો સંદર્ભ નીકળે એટલે આંખોમાં ચમક સાથે ઉપર જેવા અનેક પ્રસંગો સાંભળવા મળે...

ગુજરાત અને કચ્છ માટે નર્મદા નીરનું મહત્ત્વ શું છે એ તો દુષ્કાળની વણજાર, પાણી વિના ટળવળતા લોકો, ઘાસચારા વિના ટળવળતા હજારો બેહાલ પશુઓ, મહિનાઓ માટેની હિજરત, વેરાન-સૂકા સીમાડા આ બધું જોયું-અનુભવ્યું હોય એ જ સમજી શકે. દામજીભાઈનું કુંદરોડીમાં બચપણ વીત્યું. પિતા લાલજીભાઈને કચ્છની પાણીની સ્થિતિની, ગ્રામજનોની ચિંતા કરતા જોયા હતા. કચ્છને દિલોજાનથી ચાહનારા અનેક અગ્રણીઓ, કચ્છપ્રેમીઓએ આ સરહદી જિલ્લાને જળસમૃદ્ધ નંદનવન બનાવવાનું સપનું સેવ્યું હતું. એટલે જ કચ્છને સિંધુજળનો હક અપાવવા માટે પણ અવાજ ઊઠતો રહ્યો છે.

સરદાર વલ્લભભાઈ પટેલે ૧૯૪૬માં મહાનદી નર્મદા પર બંધ બાંધીને રેવાનીરથી કચ્છ-ગુજરાતના સૂકા ખેતરો, સીમા વિસ્તારને સિંચાઈનું સ્વપ્ન જોયું. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્ર, રાજસ્થાન અને મધ્યપ્રદેશ એમ ચાર રાજ્યને સાંકળતી યોજના અંતર્ગત પંડિત જવાહરલાલ નેહરુએ નર્મદા બંધની પાયાવિધિ કરી... એ પછીનો સંઘર્ષભર્યો ઈતિહાસ જાણીતો છે.

કચ્છની ધરતી આજે નર્મદા નીરથી નવપલ્લવિત થઈ છે, એમાં અનેક અગ્રણીઓ સાથે દામજીભાઈ એન્કરવાલાનું પ્રદાન મહત્ત્વપૂર્ણ છે. પાણીનાં એક-એક ટીપાં માટેનો તલસાટ જોનાર મુલકના ઝુઝારુ-ખમીરવંતા મોભી દામજીભાઈ શાશ્વત સ્મૃતિશેષ થયા, એની બીજી વરસીએ કચ્છની પાણીની સ્થિતિના ભૂતકાળ, વર્તમાન સાથે આગામી પાંચ વર્ષની સંભાવનાને આવરી લેતી વાંચન સામગ્રી, નિષ્ણાતોની સમીક્ષા આ વિશેષ પૂર્તિમાં પ્રસિદ્ધ કરી છે.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અધ્યક્ષ સહિત કચ્છ-બૃહદ કચ્છમાં અનેક સંસ્થાઓના માર્ગદર્શક રહેલા દાનવીર દામજીભાઈ એન્કરવાલા પરિવાર સમાજને સમર્પિત રહ્યો છે.

દામજીભાઈનું દેહાવસાન થયું એ પછી પણ તેમના પુત્રો અતુલભાઈ શાહ અને સંજયભાઈ શાહ (સૌરાષ્ટ્ર ટ્રસ્ટના ટ્રસ્ટી)એ કચ્છની ધરતીને, ભૂગર્ભને પાણીથી સમૃદ્ધ કરવા મોટું યોગદાન આપવાનું ચાલુ રાખ્યું છે.

ગ્લોબલ કચ્છ, કચ્છમિત્ર દ્વારા કચ્છમાં જળસંચય, કૂવા રિચાર્જ માટે 'સુખનું સરનામું' પ્રકલ્પ ચાલી રહ્યો છે. તેમાં અતુલભાઈ અને સંજયભાઈએ સવા કરોડ રૂપિયા ફાળવવાની જાહેરાત કરી છે.

કચ્છની ધરતી પર દાનવીર અને જળસમૃદ્ધ કચ્છના સ્વપ્ન સેવી દામજીભાઈનું ઋણ રહ્યું છે. એટલે જ આજે પણ કચ્છીઓના દિલો-દિમાગમાં તેમની સ્મૃતિ અકબંધ રહી છે.



૭ જૂન ૧૯૯૦ના મુંબઇમાં યોજાયેલી રેલીના દસ્તાવેજી પુસ્તક 'નર્મદાક્રાંતિનો એક અપ્રગટ અધ્યાય' વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપતા રેલીના પ્રણેતા અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટના તત્કાલિન અધ્યક્ષ દામજીભાઇ એન્કરવાલા તેમની સાથે તત્કાલિન ટ્રસ્ટી હાર્દિકભાઇ મામણિયા અને તંત્રી દીપકભાઇ માંકડ.




# પાણી માટે દાયકાઓ સુધી પરસેવો વહાવ્યો છે કચ્છે

❑ જીવનમાં ચમત્કાર તો થતાં જ હોય... પણ સરહદી, સૂકો મુલક કચ્છ લાંબા અરસાથી કુદરતની અવકૃપાનો ભોગ બનતો રહ્યો છે. મેઘરાજાની મહેરબાની માટે બે-ત્રણ વર્ષ વાટ જોવી પડે એવી સ્થિતિ... ભૂગર્ભ જળ અને ટેન્કર જનજીવન - પશુઓનો આધાર... 'ભાગ્યવિધાતા' એવો વરસાદ હાથતાળી આપે એટલે લાખો પશુઓ માટે જીવન-મરણનો સવાલ, માલધારીઓ પોતાના માલ સાથે હિજરત કરી જાય...

❑ ૧૮મી મે, ૨૦૦૩ના રોજ કચ્છનું નસીબ આંશિક બદલાયું. નર્મદાનાં નીરનું ૬૫૦ કિલોમીટર દૂરથી પાઇપલાઇન વાટે અવતરણ થયું... એ સમયે ગુજરાતના મુખ્યમંત્રી રહેલા નરેન્દ્ર મોદીએ એ અવસરને વધાવતાં કહ્યું હતું કે, પાણીની ઉપલબ્ધિથી કચ્છનું દળદર ફીટી જશે.

❑ આ ઘટના ઐતિહાસિક એટલા માટે કહેવાય કે, આઝાદી બાદ પહેલીવાર બિનવરસાદી કે બહારનું પાણી કચ્છ સુધી પહોંચ્યું હતું.

❑ એ ઘટનાએ કચ્છમાં પાણીના પ્રશ્નના કાયમી ઉકેલની ભૂમિકા રચી આપી. નર્મદાનાં પાઇપલાઇન વાટે આવતાં પાણી માટે કચ્છના શહેરો, ગ્રામ્ય વિસ્તાર, સરહદે વસતા જવાનોની પેયજળ જરૂરિયાત આંશિક રીતે સંતોષાય છે અને ઉદ્યોગોને પણ પાણી ઉપલબ્ધ બનાવાય છે.

❑ નર્મદાનાં નીર કચ્છની જરૂરિયાત ઉપરાંત ખંત અને ખમીર સાથે વણાઇ ગયેલા છે. આજે સલીમગઢથી મોડકૂબા (માંડવી) સુધી નર્મદાની સિંચાઇની કેનાલ બની ગઇ છે. ચોમાસામાં મળનારા વધારાનાં ૧૦ લાખ એકરફિટ પાણી કચ્છના ડેમ-તળાવો સુધી પહોંચાડવા માટેનાં કામો ધમધોકાર ચાલી રહ્યાં છે. આજની પેઢી કચ્છના જળસમૃદ્ધ ભવિષ્યની કલ્પનાથી પોરસાતી હશે પણ તેના પાયામાં અનેક નર્મદાસેનાનીઓનો સંઘર્ષ, આક્રોશ, થોકબંધ રજૂઆતોનો સિલસિલાબંધ ઇતિહાસ રહેલો છે. 'વૉટરમેન ઓફ કચ્છ' દામજીભાઇ એન્કરવાલા સહિત જળસંકટ નિવારણ સમિતિ અને ભારતીય કિસાન સંઘના અગ્રણીઓના નેતૃત્વમાં નર્મદા યોજનામાંથી કચ્છને તેના હક્કનું પાણી ફાળવવાની માંગ સાથે બબ્બે વિરાટ રેલીનું ભુજમાં આયોજન થયું હતું. આ કચ્છના હિતની લડત હતી.

❑ કચ્છીઓએ સમગ્ર નર્મદા યોજનાને વિરોધીઓના ગ્રહણથી બચાવવામાં પણ અગ્રેસર ભૂમિકા ભજવી છે. ૧૯૯૦માં બાબા આમ્ટે અને મેધા પાટકરે નર્મદા ડેમનું બાંધકામ બંધ કરાવવા અનશન અને વિરોધ દ્વારા દેશનું ધ્યાન ખેંચ્યું હતું. તત્કાલીન મુખ્યમંત્રી ચીમનભાઇ પટેલના અનુરોધથી કચ્છી-ગુજરાતીઓએ નર્મદા સમર્થન અભિયાનના નેજા હેઠળ ૭મી જૂન, ૧૯૯૦ના રોજ મુંબઇમાં એક લાખથી વધુ લોકોની મહારેલી યોજીને નર્મદા વિરોધીઓને જડબાંતોડ જવાબ આપ્યો હતો.

❑ આ ઇતિહાસ કચ્છીઓનાં વર્તમાન અને ભાવિ પેઢીઓને યાદ રહેવો જોઇએ.

❑ કચ્છની નર્મદા લડતના પાયામાં દામજીભાઇ ઉપરાંત કર્નલ જીલુભા જાડેજા, કેશવજી દેઢિયા, જાદવજી શેઠિયા, જુસબ સમા, કાંતિભાઇ ઠક્કર, જયેશભાઇ ઠક્કર, વેલજી ભુડિયા, લીલાધર ગડા વગેરેને યાદ કરવા રહ્યા.

❑ નિષ્ણાતોના જણાવ્યા મુજબ કચ્છમાં મુખ્યત્વે હવામાન સૂકું અને ઓછો વરસાદ, પાણીની અલ્પ ઉપલબ્ધિ માટે મુખ્ય પરિબળ છે.

❑ નર્મદાનાં નીર સિવાય કચ્છમાં વરસાદ અને ભૂગર્ભ જળ મુખ્ય આધાર છે. વ્યાપક ઉદ્યોગીકરણને લીધે ભૂતળની ચિંતા કરવાની તીવ્ર આવશ્યકતા છે.

❑ કચ્છમાં થતા વરસાદનું ૧૫થી ૨૦ ટકા પાણી ભૂગર્ભમાં રિચાર્જ સ્વરૂપે ઊતરે છે. રાજ્યમાં આ આંક ૧૦થી ૧૫ ટકા છે. ભૂસ્તર અને ભૂ-પૃષ્ઠની સાનુકૂળ રચના માટે કચ્છે કુદરતનો આભાર માનવો જોઇએ.

❑ સિંચાઇ માટે કચ્છમાં ૩૦ હજારથી વધુ ખુલ્લા કૂવા અને બોર કૂવાઓ છે. તે ઉપરાંત ૩૦૦ જેટલા પાતાળ કૂવા છે, જે સ્થાયી સ્રોતમાંથી ૭૦થી ૨૦૦ મીટર ઊંડેથી પાણી ઊલેચે છે.

કચ્છમિત્ર
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર





“ ઉદ્યોગ સમૂહે માત્ર પોતાનો જ વિકાસ ન કરતાં સમગ્ર વિસ્તાર, પ્રદેશના સુખ-દુઃખની જવાબદારી ઉઠાવવી જોઈએ. ”

# પાણીનો કરકસરયુક્ત ઉપયોગ વર્તમાનની આવશ્યક્તા



*લેખક પૂર્વ ધારાસભ્ય અને કચ્છના જળ સહિતના પ્રશ્નોના અભ્યાસુ છે, કચ્છની પાણી સમસ્યાના ઉકેલ માટે તેમણે અનુભવનો નિચોડ અહીં આપ્યો છે.*

**- મહેશ ઠક્કર**

કચ્છની પાણી સમસ્યા જૂની જાણીતી અને સર્વવિદિત છે .હજારો વર્ષ પૂર્વનાં ઈતિહાસમાં સિંધુ અને સરસ્વતિનાં પદચિહ્નો પણ અહીં પ્રાપ્ત થયા છે અને ત્યાર પછીના કાર્યકાળમાં દુકાળોની પરંપરા પણ કચ્છે જોઈ છે, પરિણામે સ્થળાંતર પણ થતું રહ્યું છે.

સિંધુના પાણી અંગે ભારત-પાકિસ્તાનના ઝઘડાનાં પરિણામે વિશ્વબેન્કને મધ્યસ્થી કરવાનો નિર્ણય લેવાયો. આંતરરાષ્ટ્રીય નિયમો અનુસાર નદીતટ પ્રદેશના વિસ્તારોનો સંબંધિત નદીનાં પાણી મેળવવાનો અધિકાર સ્થાપિત અને સ્વીકૃત છે અને એ રીતે લંબાણ ચર્ચાઓ અને આધાર-પુરાવાઓથી સિંધુનાં પાણી ઉપર કચ્છનો અધિકાર (Riperian Right) સ્થાપિત થયો, પણ અટવાયેલા પ્રશ્નના ઉકેલ તરીકે ચિનાબ-જેલમ અને સિંધુ પશ્ચિમી નદીઓનાં પાણી પાકિસ્તાનને ફાળે ગયાં, પરિણામે નદીતટ પ્રદેશના અધિકારનો સ્વીકાર પણ દેશના હિતમાં કચ્છનો ભોગ લેવાયો, હજુ પણ જેસલમેર અને બાડમેર સુધી આવતી રાજસ્થાન કેનાલનાં પાણી પાઈપલાઈનથી કચ્છ-સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતના ત્રિભેટા લાવી ગુજરાતના ત્રણ પ્રદેશની સમસ્યા સુલજાવી શકાય. વર્તમાન કેન્દ્ર સરકાર અને રાજસ્થાન સરકાર બાડમેર રિફાઈનરી માટે કોરીક્રીકથી બાડમેર દરિયાઈ નેવીગેશન ચેનલ માટે વિચારતી હોય, તો આ માનવજીવન માટે અત્યંત જરૂરી પાણી માટે વિચારી ન શકે... ?


નર્મદાનાં પાણી તો આખરે આવ્યાં જ છે અને સમગ્ર કચ્છ મહદઅંશે પીવાનાં પાણી માટે એના ઉપર આધારિત છે, આમ છતાં એક મિલિયન ફૂટ પાણીનાં યોગ્ય વિતરણથી કચ્છનાં નાના-મોટા બધા ડેમો નર્મદાના પાણીથી ભરાય, વિકલ્પે વહી જતા વરસાદી પાણીનું ટીપેટીપું સંગ્રહ એ અત્યંત આવશ્યક છે. નાના અને મધ્યમકક્ષાના સિંચાઈ બંધોની ઘણી સાઈટો બાંધવાની બાકી છે અને બંધાઈ ગયેલા બંધોમાં સિલ્ટિંગ ખૂબ થયું છે એને ડીસિલ્ટિંગ કરાય. વિકલ્પે બંધની વર્તમાન ઊંચાઈમાં એકાદ મીટરનો વધારો કરાય, ભુજ તાલુકાના મેઘપર ડેમની ઊંચાઈ એક મીટર વધારવાનો સફળ અખતરો થયો જ છે.

ત્રેવડ ત્રીજો ભાઈ એ ઉક્તિ અનુસાર પાણીનો કરકસર યુક્ત ઉપયોગ બહુ જ જરૂરી છે.

આજથી ૫૦ વર્ષ પહેલાં દરેક ગલીના નાકે ખારાં પાણીના કૂવા હતા, જેમાંથી નાહવા-ધોવાનું પાણી વપરાતું અને મીઠું પાણી માથું ધોવા એક ઘડો જ મળતું. પાણીયોજનાઓ થતાં કરકસરનો છેદ ઊડ્યો. પાણીનો બેફામ વપરાશ શરૂ થયો, જે સરવાળે પાણીનાં તળ ઊંડાં ઊતરતાં ગયાં. નર્મદાનાં પાણી મળ્યા પછી પણ સમગ્ર કચ્છમાં પરિસ્થિતિ સુખદ નથી ! શું કરવું જોઈએ.. ? પાણીનાં અક્ષમ્ય બગાડનું શું ?

પાણીનો વધુ વપરાશ અને બગાડ શહેરી વિસ્તારમાં થાય છે. ભૂકંપ પછીનાં મકાન બાંધકામ આયોજનમાં વરસાદ પાણી સંગ્રહવાનું ફરજિયાત છે, પણ અસરકારક આયોજન થતું નથી. **આજથી ૪૦ વર્ષ પહેલાં કચ્છમિત્ર દૈનિકના અંકમાં મેં લખેલું શહેરી વિસ્તારમાં મીઠા પાણીની અને ખારા પાણીની બે લાઈન નાખવી જોઈએ અને દરેક મકાન માલિકે બે કનેક્શન લઈ જાજરુનું ફ્લશિંગ-આંગણું ધોવા શક્ય સફાઈ માટે ખારું પાણી જ વાપરવું જોઈએ, આ પદ્ધતિ દસેક વર્ષ પહેલા બેંગ્લોરમાં અપનાવવામાં આવી છે, જેના અભ્યાસ માટે ભુજ-ગાંધીધામ-માંડવી નગરપાલિકાના ઈજનરો અને કમિટીના સભ્યોની સંયુક્ત ટીમ બનાવી જાતમાહિતી મેળવી, અહીં પણ અમલ કરવો જોઈએ.**

સારા વરસાદ-નર્મદાનાં પાણી આમ છતાં બેફામ દૂરુપયોગથી લખપત કે અબડાસાનાં કેટલાય વિસ્તારોમાં પાણીની ખેંચની બૂમ સંભળાય છે. આજે કરકસરથી વપરાશ નહીં કરીએ, તો હવે પછીની પેઢી આપણને માફ નહીં કરે.



# જળ સમસ્યા ઉકેલવા સર્વગ્રાહી પ્રયત્નો જરૂરી

## વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેઈનિંગ ઈન્સ્ટિટ્યૂટની જળ ઝુંબેશ રંગ લાવી



**- સેંધાભાઇ કે. પારેગી**

કચ્છના ગામડાંઓ ખાલી થઈ ન જાય તેના માટે કચ્છના ઉધોગપતિ કચ્છ પ્રત્યે પ્રેમ ધરાવતા, દીર્ઘ દૃષ્ટિવાળા કાન્તિસેન શ્રોફ ‘પૂ. કાકા’ને થયું કે કચ્છની સમસ્યાનો અભ્યાસ કરીને તેનો લાંબા ગાળાનો અને કાયમી ઉકેલ શું કરી શકાય તે દિશામાં ટેકનિકલ નિષ્ણાતો, સરકારના વિવિધ વિભાગો, કંપનીઓ, દાતાઓ, સ્થાનિક લોકોની સહભાગીદારીથી કચ્છની ધરતી ઉપર પડતા એકે-એક વરસાદના ટીપાનો સંગ્રહ કેમ કરી શકાય તે દિશામાં કામ કરવાની શરૂઆત ૧૯૭૫માં વી.આર.ટી.આઈ. સંસ્થાની સ્થાપના કરીને કરવામાં આવી હતી.



### જળ, જંગલ અને જમીનની ગંભીર સ્થિતિ

ચોમાસાનાં પાણીના સંગ્રહ માટે સમગ્રદર્શી અભિગમ ઊભો કરવો જોઈએ. વિશ્વભરમાં જનસંખ્યામાં વૃદ્ધિને કારણે જળ, જંગલ અને જમીન પર વિઘાતક અસરો પેદા થઈ છે. વિશ્વમાં જળસંકટનું કારણ વધતી જતી વસ્તી વૃદ્ધિ છે. ઘર વપરાશ ઉપરાંત ઔદ્યોગિક ક્ષેત્રોમાં પાણીનો વપરાશ વધ્યો છે. ભૂગર્ભ જળના આડેધડ ઉપયોગનાં કારણે ભૂગર્ભ જળના પાણીની ગુણવત્તા અને સ્તર ઉપર માઠી અસર થઈ છે. ભૂગર્ભ સ્તર નીચે જવાનાં કારણે દરિયાની ખારાશનું પ્રમાણ વધતું જાય છે.

### કાર્યક્ષમ જળવ્યવસ્થાપન જરૂરી

વરસાદી પાણીના સંગ્રહની વિવિધ પદ્ધતિઓ જેવી કે (૧) વરસાદી પાણીને દરિયામાં વહી જતું રોકી તેને ભૂગર્ભમાં ઉતારવું. (૨) ભૂગર્ભમાં સંચિત પાણીનું યોગ્ય વ્યવસ્થાપન કરવું. (૩) વરસાદી પાણી વધુ મળી શકે એ સંદર્ભમાં પર્યાવરણનું જતન કરવું. (૪) પાણીનો વિવેકપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવો, જેના અનુસંધાને સંસ્થાની પચાસ વર્ષ દરમિયાન પાણી સંગ્રહનાં કાર્યોમાં ૨, ૮૯૦.૩૩ Mcft. પાણી સંગ્રહ માટેના ૧,૦૭૮ જેટલા ચેકડેમનું બાંધકામ, ૫૮ પથ્થરના આડબંધ (લૂઝ બોલ્ડર), ૩૫૯ પાણી સંગ્રહ માટે તળાવો, ૧૯૩ એક્મો -ખેતર ફરતે બંધપાળો, તળાવ-નદીને જોડતી લિન્ક કેનાલ, ૯૪ ગામોમાં વોટર શેડ ડેવ. કાર્યક્રમ હાથ ધરેલ, ૫૫ જેટલાં ગામોમાં રિવર બેઝિન મેનેજમેન્ટ પ્રોગ્રામ અંતર્ગત જળ સંચય ક્ષમતામાં વધારો થયો છે, ૪ સબ સર્ફેસડાઇક્સ, ૨૪૬ રિચાર્જિંગ બોરવેલ, ૧૦૫૬ કૂવા રિચાર્જિંગ, ૫૨,૭૫૦ સ્ટ્રેગર્ડ ટ્રેન્ચ અને ૫ કૃત્રિમ રિચાર્જ ટ્યુબવેલ (ART), ૧ ફિલ્ટર કૂવો અને ૪ રિચાર્જ પીટ તેમજ CSR અને વાસ્મોના સહયોગથી ૪ તાલુકાના ૩૭૯ ગામોમાં પીવાનાં પાણીની સુવિધા, ૨૭ ગામોમાં સ્થાનિક પાણીના સ્રોતોનું નવીનીકરણ (પાણી થઈએ પંજો), ૩૯૯ ઘરોમાં RRWHS (વરસાદી પાણી સંગ્રહના ટાંકા) અને ૬૪ શાળાઓ, સામૂહિક જગ્યાએ આરઓ પ્લાન્ટ તેમજ માટીના ડેમ બાંધીને વરસાદ આધારિત વિસ્તારોમાં ૬૪૨ હેક્ટરમાં સપોર્ટ સિંચાઈ માટેની સુવિધાઓ વિકસાવી, સિંચાઈનાં પાણીની બચત થાય તે હેતુથી ૬,૬૨૮ હેક્ટરમાં ટપક સિંચાઈ પદ્ધતિને પ્રોત્સાહન આપ્યું, ૫૨ ગામોમાં ખારાશ વ્યવસ્થાપન કાર્યક્રમથી ૨૭,૦૦૦ હેક્ટર કરતાં વધુ ખેતીની જમીનને ફાયદો થયો છે. પશુઓને પીવાનાં પાણી માટે ૬ અવાડાનું બાંધકામ, પીવાનાં પાણી માટે ૧૦ કૂવાનુ બાંધકામ/નવીનીકરણ કરવામાં આવેલ છે. ૪૪ જેટલી જગ્યાએ સામાન્ય માનવીઓને પીવાનું શુદ્ધ પાણી મળે તેવી સુવિધાઓ ઊભી કરવામાં આવી છે. સંસ્થા દ્વારા ગાંધીગ્રામ, મંજલ, મમાયમોરા વગેરે ગામડાંઓમાં આ પ્રકારની તમામ પ્રવૃત્તિઓ કરીને પાણી ક્ષેત્રે મોડેલ બનેલ છે.

### વહી જતાં વરસાદી પાણીના સંગ્રહ માટે આગળ વધીએ...

સંસ્થા દ્વારા છેલ્લા એકાદ- બે વર્ષથી અબડાસા તાલુકાના ૫૫ ગામડાંઓ, માંડવી તાલુકાના ૮૦ ગામડાંઓ અને ભુજ તાલુકાના ૨૭ (બન્ની અને ખાવડા) ગામડાંઓનાં પીવાનાં પાણી, ખેતી, અન્ય વપરાશને લઈને તેમજ આ વિસ્તારમાં પડતા વરસાદ અને હયાત પાણી સંગ્રહને લગતા સ્ટ્રક્ચરો વગેરેનો અભ્યાસ ગ્રામ્યજનોને સાથે રાખીને કરવામાં આવેલ છે તેમજ વોટર લેવલ અને સેમ્પલ વરસાદ પહેલાં અને પછી રેગ્યુલર લેવામાં આવી રહ્યા છે. અભ્યાસ/સર્વે દરમિયાન જોવા મળેલી બાબતોમાં ૨૦૦૦ કરતાં વધુ TDSવાળા માંડવીના ૪૧, અબડાસાના-૨૫ અને ભુજના-૭ ગામોનો સમાવેશ થાય છે. તેવી જ રીતે ક્લોરાઇટ ૪ meq / L 9 (Chloride above 4 meq / L) કરતાં વધુ છે તેમાં માંડવી તાલુકામાં-૩૦, અબડાસા-૨૪ અને ભુજમાં ૮ ગામનો સમાવેશ થાય છે, તેમજ ફ્લોરાઈડ ૧.૫ PPM (Fluoride above 1.5 PPM) કરતાં વધુ છે તેમાં માંડવીના-૯ અને અબડાસાના-૮ ગામનો સમાવેશ થાય છે. માંડવી, અબડાસા અને ભુજ તાલુકાના બન્ની અને પચ્છમ વિસ્તારમાં ખારાશનું પ્રમાણ વધી રહ્યું છે. તેની સાથોસાથ પાણીના સ્તર ઊંડાં જઈ રહ્યાં છે. આ ઉપરાંત બદલાતાં હવામાનના કારણે વરસાદની પેટર્ન પણ બદલાઈ છે, પહેલાં ૩૦૦થી ૪૫૦ MM વરસાદની સામે અત્યારે ૧૦૦૦ MM કરતાં વધુ વરસાદ પડી રહ્યો છે, અગાઉ જે કંઈ સ્ટ્રક્ચર બનેલા છે, જેની સંગ્રહશક્તિ ઓછી છે એટલે મોટા ભાગનું વરસાદી પાણી વહીને દરિયામાં જાય છે. એટલે આ દિશામાં સરકાર, કંપનીઓ, દાતાઓ, સ્થાનિક લોકો સૌ સાથે મળીને વહી જતાં વરસાદી પાણીને વધુમાં વધુ પાણી સંગ્રહનાં કામો માટે આગળ વધીએ તો આવતી પેઢીને કંઈક આપી શકાશે.

કચ્છમિત્ર
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર



• ગ્લોબલ કચ્છ-કચ્છમિત્ર સુખનું સરનામું, અદાણી ફાઉન્ડેશન, જળમંદિર નિર્માણ અભિયાનની ઝુંબેશના લીધે જળસંગ્રહ ક્ષમતામાં થયો નોંધનીય વધારો

• જળમંદિર નિર્માણ, તળાવ સુધારણા, વરસાદી પાણી સંગ્રહ જેવાં કામોમાં અનેક સંસ્થાઓ સક્રિય રીતે જોડાઇ

# જળસંગ્રહનાં કામોએ કચ્છને પાણીદાર બનાવ્યું

**-હેમાંગ પટ્ટણી**

એક સમય હતો કે જ્યારે કચ્છમાં ગ્રામીણ વિસ્તારની મહિલાઓને એક બેડું પાણી ભરવા માટે મોટું અંતર કાપવું પડતું હતું. વરસાદની અનિયમિતતાનાં કારણે આ જિલ્લાની છાપ દુકાળિયા મુલક તરીકે ગણાતી હતી. મા નર્મદાનાં જળથી કચ્છની ધરા પુલકિત બની છે, તો રાજ્ય સરકારની વિવિધ યોજનાના અમલની સાથે વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓએ આદરેલા જળસંચયનાં કામોના યજ્ઞના કારણે કચ્છ જિલ્લાએ પાણીદાર બનવા તરફ મક્કમ ગતિએ ડગ માંડયા છે. જળસંચય ક્ષેત્રે કચ્છમાં થયેલી કામગીરી સમગ્ર દેશ માટે મિશાલરૂપ બની રહ્યાનું ચિત્ર સ્પષ્ટ રીતે ઊભરીને સામે આવ્યું છે. તળાવ સુધારણા, બોર - કૂવા રિચાર્જ, જળમંદિર નિર્માણ જેવા કામોના કારણે કચ્છની જળસંચય ક્ષેત્રે કાયાપલટ થઇ છે. ગ્લોબલ કચ્છ-કચ્છમિત્ર સુખનું સરનામુ અભિયાન, અદાણી ફાઉન્ડેશન, જળમંદિર નિર્માણ અભિયાન સહિતની સંસ્થાઓ આ માટે પાયાનો પથ્થર બની રહી છે. ખાસ કરીને ૨૦૦૧ના ભૂકંપ બાદ જળવાયુ પરિવર્તનથી સકારાત્મક અસર તળે દુકાળના વર્ષ ઘટવાની સાથે સતત સારો વરસાદ પડતાં ભૂગર્ભજળનું સ્તર સતત ઊંચે આવી રહ્યું છે.

### ૪૮૪ કરોડ લિટર પાણીનો સંગ્રહ

મહારાષ્ટ્રના પર્લીની જેમ કચ્છને નંદનવન બનાવવા માટે જળક્રાંતિનું અભિયાન જાણીતા સામાજિક અગ્રણી મયંકભાઇ ગાંધી દ્વારા છેડાયું છે. ગ્લોબલ કચ્છ-કચ્છમિત્ર સુખનું સરનામુ અભિયાન અંતર્ગત જિલ્લામાં અત્યાર સુધી ૪૮૪ કરોડ લિટર પાણીનો સંગ્રહ થયો છે, જેમાં વરસાદી પાણીનો સંગ્રહ ભૂગર્ભજળ રિચાર્જ, તળાવ સુધારણા સહિતનાં કામોનો સમાવેશ થાય છે. ન માત્ર જળસંગ્રહ બલકે આ જિલ્લાને નંદનવન બનાવવા ગાંડા બાવળ નાબૂદી, ગ્રામ્ય સફાઇ સહિતના કામો હાથ ધરી દેશ માટે રાહ ચીંધતું કાર્ય કર્યું છે. આ અભિયાન અંતર્ગત અત્યાર સુધી ચાર તાલુકા અબડાસા, માંડવી, નખત્રાણા અને ભુજના ૧૦૮ રિચાર્જ બોરવેલની મોજણી હાથ ધરી ૩૦૦થી વધુ બોરને રિચાર્જ કર્યા છે. સુજલામ સુફલામ યોજના હેઠળ ૨૮૬ તળાવને ઊંડા કરાયાં છે. આગામી બે વર્ષમાં કચ્છના તમામ ૯૫૦ ગામને આ અભિયાન હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરાયો છે. જળસંચયનાં કામોમાં અન્ય વિવિધ સંસ્થાઓનો આ અભિયાનમાં સહકાર સાંપડી રહ્યો છે. એકંદરે અત્યાર સુધી ૭૮૦ બોરવેલ રિચાર્જનું કામ આરંભી દેવાયું છે.

### અદાણી ફાઉન્ડેશન

અગ્રણી ઔદ્યોગિક જૂથ અદાણી ફાઉન્ડેશન દ્વારા ૬૧ તળાવને ઊંડા કરી ૨૦૮ બોરવેલ, ૬૧ વેલ રિચાર્જ કરાયા છે. આ અભિયાનના લીધે સંગ્રહ ક્ષમતા ૧૦૬.૪૪ મિલિયન ક્યુબિક ફિટ વધી છે. સિંચાઇવાળો વિસ્તાર ૨૫ ટકા વધવા સાથે ખેતીની જમીનને મોટો ફાયદો થયો છે.

> **“ કરછ ઉદ્યોગ, ખેતી, પશુપાલનથી સમૃદ્ધ છે, પણ વરસાદ યારી નહીં આપે ત્યારે નર્મદા નહેર આશીર્વાદરૂપ બનશે ”**

### વધુ ૧૦૦ જળમંદિરનાં નિર્માણની નેમ

કચ્છ ફોડર ફ્રૂટ એન્ડ ફોરેસ્ટ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા કચ્છમાં આગામી સમયમાં ૧૦૦ જેટલા જળમંદિરનાં નિર્માણની નેમ વ્યક્ત કરાઇ છે. મુંબઇમાં લોકડાયરાઓ યોજી જળમંદિર બનાવવાનું અભિયાન છેડાયું હતું, જે અંતર્ગત ૩૩૫ જળમંદિર બની ચૂક્યા છે.

અદાણી ફાઉન્ડેશનના મોભી ચન્દ્રકાંત ગોગરી તેમજ કવીઓ જૈન મહાજનના સહયોગથી સ્વ. તારાચંદભાઇ છેડાની રાહબરીમાં આ અભિયાન હાથ ધરાયું. આ સંસ્થાના મોભી જયેશભાઇ લાલકાએ કહ્યું કે, કાંતિશ્રેન શ્રોફ ‘કાકા’ની જન્મ શતાબ્દી વર્ષના ઉપલક્ષમાં સો જેટલા તળાવોને ઊંડા કરવામાં આવશે. આરતી પરિવાર, શ્રોફ પરિવાર, કચ્છી જૈન ફાઉન્ડેશનનો સહયોગ મળતાં આ અભિયાનના લીધે ૮૮૩૫ લાખ લિટર જેટલી જળસંગ્રહ શક્તિ વધી છે.



જળસંગ્રહનાં કામો થકી આવા આંખ ઠારતા દશ્ય કચ્છમાં ઠેર ઠેર જોવા મળે છે.

પાણીદાર કચ્છના સ્વપ્નસેવી

બીજી પુણ્યતિથિએ વિશેષ



કચ્છમિત્ર
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર

“ લોકોની તકલીફમાં ભાગીદાર બની શકું એટલે કામની સાથે સાથે સેવાની પ્રવૃત્તિ કરું છું. ”

# કચ્છ હિતમાં દામજીભાઇએ રાજ્ય સરકારને કોરો ચેક આપી દીધો

- નર્મદા યોજનાના જળ કે નીર ફાળવણીમાં કચ્છને થઇ રહેલા અન્યાય અને નર્મદા યોજનાનો વિરોધ કરનારાઓને જવાબ આપવા એક કચ્છી ઉદ્યોગપતિ સ્વ. દામજીભાઇ એન્કરવાલાએ ૧૯૯૦માં ગુજરાતના મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઇ પટેલની એક વાત સ્વીકારીને મુંબઇમાં યોજનાના સમર્થનમાં રેલીનું આયોજન કર્યું ને અભૂતપૂર્વ સમર્થન મળ્યું હતું. વોટરમેનની

**- ગિરીશ જોશી**

વિદાયને બે વરસ થયાં છે ત્યારે પ્રસ્તુત છે સદ્ગતની જિંદાદિલીના અંશ...

- તત્કાલીન મુખ્યમંત્રી શ્રી પટેલે કહ્યું કે, મુંબઇમાં સમર્થન રેલી કરો. બસ આ વાતને કચ્છ હિતમાં ગંભીરતાથી લઇ વોટરમેન દામજીભાઇની આગેવાની હેઠળ યોજાયેલી રેલી બાદ એક નિર્ણાયક તબક્કો આવ્યો હતો.
- કચ્છમાં નર્મદાનાં સિંચાઇનાં પાણી ઝડપભેર આવે એ માટે ચાર દાયકા પહેલાંની મહારેલીએ કચ્છીઓની તાકાત બતાવી દેતાં આંદોલન ઘેરું બન્યું અને કચ્છને અન્યાયનો અસંતોષ વધતાં આખરે કચ્છ જળસંકટ નિવારણ સમિતિની રચના થઇ ને જેમાં કચ્છ કિસાન સંઘે જોડાવાની જાહેરાત કરતાં સમિતિના અધ્યક્ષ તરીકે સદ્ગત દામજીભાઇ એન્કરવાલાએ જવાબદારી સ્વીકારી હતી.
- મેધા પાટકર અને બાબા આમ્ટે દ્વારા આંદોલન ફૂંકાયું ને નર્મદાનો વિરોધ થયો હતો તેમ છતાં દામજીભાઇએ એક હિંમતવાન કચ્છી તરીકે પીછેહઠ કરવાને બદલે આગળ વધી કચ્છને ન્યાય અપાવવાની દિશામાં મેધા પાટકર તથા બાબા આમ્ટેને સમજાવવા પણ દોડી ગયા હતા.
- ૧૯૯૦માં મુંબઇ ખાતે મળેલા જન સમર્થનને પગલે ૧૯૯૩માં દામજીભાઇની આગેવાની હેઠળ ભુજના જ્યુબિલી મેદાન ખાતે નર્મદા રેલીનો શંખનાદ કરવામાં આવ્યો હતો. જળસંકટ નિવારણ સમિતિ દ્વારા આયોજિત આ મહારેલીમાં હજારોની સંખ્યામાં ખેડૂતો, દરેક સમાજના લોકો જોડાયા હતા.
- કચ્છમાં ૧૩.૯૫ લાખ એકર જમીનને સિંચાઇનું નર્મદાનું પાણી આપવાની માંગ સાથેની આ રેલીમાં સમિતિના અગ્રણીઓ કેશવજી દેઢિયા, કર્નલ જીલુભા જાડેજા, પ્રાગમલજી ત્રીજા, કિસાન સંઘના મધુભાઇ માંકડ, ચંદ્રકાંત ગોગરી, બચુભાઇ રાંભિયા, જુસબ સમા, જૈન સાધુ દેવરત્નસાગરજી, સ્વામિનારાયણના સંતો, ઉદ્યોગપતિઓ વિશનજીભાઇ લખમશી, શાંતિલાલ મેકોની, અમરચંદ ગાલા, સામજીભાઇ વોરા જોડાયા હતા. સંત વાલદાસજી મહારાજના હસ્તે રેલીનું ઉદ્ઘાટન કરવાના હતા પરંતુ તેઓ બ્રહ્મલીન થતાં શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી.
- કિસાન સંઘ, સ્વામિનારાયણ મંદિરના સંતો, જૈન સાધુ-સંતો, સર્વોદય નેતા ચૂનીભાઇ વૈદ્ય, ભોજાય સર્વોદય ટ્રસ્ટના લીલાધર ગડા સહિત અનેક સંસ્થાઓ, ભાજપ-કોંગ્રેસના આગેવાનોએ સમર્થન આપ્યું હતું કેમ કે આ રેલી બિનરાજકીય હતી.

**■ ૧૯૯૦માં મુંબઇ અને ૧૯૯૩માં ભુજમાં કચ્છને નર્મદાનાં પાણીમાં અન્યાય થતો રોકવા રેલી કરી ‘વોટરમેન’નું બિરુદ મેળવી ચૂકેલા ઉદ્યોગપતિને કચ્છનું સમર્થન મળ્યું**

**■ તત્કાલીન મુખ્યમંત્રી સ્વ. ચીમનભાઇએ કહ્યું કે, રેલી કરો ને વાત પકડી મુંબઇમાં અભૂતપૂર્વ રેલીનું આયોજન કર્યું : જળસંકટ નિવારણ સમિતિ રચી ને આજે કચ્છને પરિણામ મળ્યાં**

- નર્મદાનાં નીર પૂરતાં પ્રમાણમાં અને સમયસર કચ્છને મળે એ માટે લડત સમિતિની આગેવાની લેનારા તે સમયના યુવાન ઉદ્યોગપતિ દામજીભાઇની જિંદાદિલી કેવી હતી તેનો પણ એક અલગ દાખલો રહ્યો હતો.

તત્કાલીન કેશુભાઇ પટેલની સરકારે નર્મદા માટે નાણાંના સ્રોત ઊભા કરવા સરદાર સરોવર નર્મદા નિગમે બોન્ડની યોજના બનાવતાં કચ્છી સપૂત સ્વ. એન્કરવાલાએ નિગમના ચેરમેન સનત મહેતાને કોરો ચેક મોકલ્યો હતો અને જેટલી જરૂર હોય એ રકમ ભરવાની કચ્છ માટે દિલેરી બતાવી હતી.

- સમય જતાં હાઇકોર્ટ, સુપ્રીમ કોર્ટ સુધીના દરવાજા ખટકાવ્યા બાદ પાઇપલાઇન વાટે આખરે પ્રથમ વખત નર્મદાનાં પીવાનાં ૨૦૦ એમ.એલ.ડી. પાણીનું ૨૦૦૩માં અવતરણ થયું હતું અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રાપર તા.ના ત્રંબૌ-જેસડા વચ્ચે નર્મદાની કચ્છ શાખા નહેરનાં કામોનું ખાતમુહૂર્ત થયું હતું. મે-૨૦૧૭માં પરિણામ સાર્થક થયા ને ભચાઉ ખાતે પ્રથમ વખત સિંચાઇનું પાણી આવતાં ટપ્પર ડેમ ભરવાની શરૂઆત પણ નરેન્દ્ર મોદીના હસ્તે થઇ હતી.

૧૯૯૦ની મુંબઇની રેલીએ કચ્છને ભવિષ્યનાં પરિણામ માટે શ્રીગણેશ કર્યા હોવાથી કચ્છી ઉદ્યોગપતિની તાકાતથી આખરે ૨૦૨૨માં સિંચાઇનું પાણી મોડકૂબા સુધી આવી પહોંચ્યું હતું. નવ વર્ષ સુધી મુંદરા તાલુકાના છસરા પાસે ૫૦૦ મીટર કેનાલનો પ્રશ્ન હાઇકોર્ટે ચુકાદો આપતાં ૩૫૪ કિ.મી.ની કચ્છ શાખા નહેરમાં પાણી મોડકૂબા સુધી લહેરાઇ રહ્યું છે.

- રાપર તાલુકાના જેસડાથી પ્રવેશ કરી ચૂકેલી નર્મદાની કચ્છ શાખા નહેર માંડવી તાલુકાના મોડકૂબા સુધી પહોંચી છે ત્યારે કેનાલમાં વહેતાં નર્મદાનાં નીર થકી સવા લાખ હેક્ટર ખેતીને પિયત થતી હોવાથી આ સૂકી ખેતી હવે લીલી સાબિત થઇ હોવાથી લડતનું સૌથી મોટું આ પરિણામ પ્રથમ તબક્કે મળ્યું છે. હજુ આવનારા દિવસોમાં વધુ પરિણામ મળવાનાં બાકી છે.



## સ્થાનિક સોર્સ પર ભારણ ઘટી ગયું એ હકીકત છે



*લેખક રાષ્ટ્રીયસ્તરે જળ સંરક્ષણના કામ કરી રહેલા કચ્છના એરિડ કમ્યુનિટી એન્ડ ટેક્નોલોજીસના વડા છે. જિલ્લાના જળ સંચય પર તારણ આપે છે.*

**- ડો. યોગેશ જાડેજા**

- નર્મદાનાં પાણી આવવાથી સ્થાનિક સોર્સ પર ભારણ ઘટયું છે એ હકીકત છે પરંતુ ભવિષ્ય માટે ચિંતાનો વિષય એ છે કે સ્થાનિક સોર્સ પણ ભુલાવવા જોઇએ નહીં.
- અત્યારે ૪૦૦ એમ.એલ.ડી. પીવાનું પાણી આવે છે. પીવાના પાણીનો પ્રશ્ન છે ત્યાં સુધી આ પાણી પૂરતું નથી કેમ કે કચ્છની વસ્તી પ્રમાણે સ્થાનિક ડેમો ઉપરાંત બોરવેલનું પાણી મિક્સ કરવામાં આવે છે.
- પાણી પુરવઠા વિભાગ કચ્છની વસ્તીની ગણતરી પ્રમાણે પેયજળ વિતરિત કરે છે, પરંતુ કચ્છ હવે પ્રવાસન સ્થળ હોવાથી લગભગ દૈનિક લાખોની સંખ્યામાં પર્યટકો આવે છે. બહારથી આવતા પ્રવાસીઓની પાણીની જરૂરિયાત વધે છે. સિઝનમાં ચાર-પાંચ લાખ સહેલાણીઓ આવે છે એ મુજબ પાણીની ખેંચ રહી જાય છે.
- સિંચાઇનું પાણી મુખ્ય નહેર વાટે મોડકૂબા સુધી પહોંચી આવ્યું છે જેના કારણે સૌ પ્રથમ વાગડ અને હવે પછી જ્યાંથી નહેર પસાર થાય છે તેની આસપાસના ખેતીવાડી વિસ્તારમાં લીલા લહેર થઇ ગઇ છે.
- કેનાલમાં છોડવામાં આવતું પાણી જો નિયમિત બને તો ફાયદો વધી જાય ને બચતાં પાણીને ભૂગર્ભમાં રિચાર્જ કરવામાં આવે તો ભવિષ્યમાં ભૂગર્ભ જળ ઊંચે આવશે તેવો પોતાના આટલા વર્ષોના અભ્યાસના અંતે શ્રી જાડેજાએ જણાવ્યું હતું.
- ખાસ કરીને વાગડ વિસ્તારમાં ક્ષારનું પ્રમાણ વધારે હોવાથી ભવિષ્યમાં ક્ષારનાં આક્રમણને અટકાવવા માટે પાણી રિચાર્જ થાય તો જ મોટો બદલાવ આવ્યો એમ ગણાશે.

## ૭ પાણીદાર કચ્છના સ્વપ્નસેવી

બીજી પુણ્યતિથિએ વિશેષ



કચ્છમિત્ર
JANMABHOOMI GROUP
તા. ૨૯-૦૧-૨૦૨૫, બુધવાર

> “ કચ્છની ધરતી પર નર્મદા મૈયાનું અવતરણ કચ્છની કાયાપલટ કરશે એવો વિશ્વાસ છે ”

# પરંપરાગત જળસ્રોતો ઉદાસી ખંખેરીને આગળ વધીએ



*કચ્છના પરંપરાગત જળસ્રોતોનો આગવો ઇતિહાસ રહ્યો છે. વર્તમાનમાં ભલે એ પ્રત્યે ઉદાસી રખાઇ છે, પણ તેને ખંખેરીને હવે કચ્છવાસીઓ ફરીવાર જાગૃત થયા છે. કચ્છ પરંપરાગત જળસ્રોત અભ્યાસનું તારણ કાઢીએ.*

- ધોળાવીરા પછી અને પાઈપલાઈન પહેલા પાણી સાચવવાની-વાપરવાની રીતો શું હતી? એ જાણવાની જરૂર છે.
- દરેક ગામ, દરેક વાંઢ કે વસાહત એકથી વધુ જળસ્રોતની આસપાસ હતી.
- તળાવો દરેક ગામોમાં દરેક સીમતળોમાં સરેરાશ ત્રણથી પાંચ કે સાત હતા,
- જખૌ સીમતળમાં એકસો અઢાર તળાવ હતા.
- તળાવોને અડીને કે એની અંદર કૂવાઓ હતા અને અત્યારે પણ છે.
- ૩ કે ૫ વર્ષ વરસાદ ન પડે તો પીવાનું ચોખ્ખું પાણી તે કૂવાઓમાંથી મળી રહેતુ હતું, વળી એને સાચવવાની જવાબદારી એ વાપરનાર લોકોની જ હતી.
- રસ્તાઓ ને કાંઠે, ગામો કે વસાહતો નજીક વાવો હતી.
- ભુજની સ્થાપના, તળમાં રેતાળ ખડકો, સેન્ડસ્ટોન પર કરવામાં આવી હતી, તેથી દરેક ફળિયામાં કૂઈ કે કૂવામાંથી પીવાનું ચોખ્ખું પાણી પાઈપલાઈન વિના બારેમાસ મળી રહેતું.
- વિવેકાનંદ રિસર્ચ એન્ડ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ વી.આર.ટી.આઈ. દ્વારા આકાશમાંથી પડતા પાણીને રોકવા અઢાર પ્રકારના વોટર હારવેસ્ટિંગ સ્ટ્રક્ચર બનાવવામાં આવ્યા હતા.
- આર્ટિફિશિયલ રિચાર્જિંગ સ્ટ્રક્ચર નામની એક રચના, વરસાદનું જમા થયેલ પાણી, જમીનમાં ગુરુત્વાકર્ષણથી ઊતરે તેવા ટયુબવેલની રચના, શ્રી કે.સી.બી. રાજુસાહેબના અનુભવ અને માર્ગદર્શન નીચે દેશમાં પ્રથમ વખત કરવામાં આવી.
- તેનાથી સો-દોઢસો ફૂટ નીચેનાં ખારાં થતાં પાણીમાં ચારસોથી પાંચસો ટી.ડી.એસ. (ખારાપણું) ઓછું થયેલ જણાયું અને આઠથી દસ ફૂટ પાણીનાં તળ ઊંચા આવ્યાનું નોંધાયેલું.
- દિલ્હીની કાપાર્ટ સંસ્થાએ ૨૦ ટકા સ્થાનિક ફાળાની શરતોએ તળાવો, ચેકડેમો બાંધવા કચ્છમાં સૌથી વધુ મદદ કરી.
- સોસાયટી ફોર પ્રમોશન ઓફ વેસ્ટલેન્ડ ડેવલપમેન્ટ નામની દિલ્હી સ્થિત સંસ્થાએ એક ગામનાં તળમાં પાણી નહોતાં તેમાં માટીના બંધો બાધી તળાવો બનાવવામાં મદદ કરી, જેનાં પાણીથી આસપાસના ખેડૂતોની આવક આપતી ખેતી શરૂ થઈ શકી.

**- દલપત દાણીધારિયા**

- વોટરહાર્વેસ્ટિંગ પ્રોજેક્ટ નામની એક સરકારી યોજના ભૂતકાળમાં કદી નહોતી આવી, તેવી લોકોને પૂછીને, લોકો નક્કી કરે, જવાબદારી લે અને એકઢાળનું સીમતળનું પાણી રોકી તમામ પ્રકારના જળસ્રોતો બનાવે અને તેનાથી લાભાન્વિત થાય તેવી યોજના કચ્છના કેટલાક ગામોની સીમોમાં વી.આર.ટી. આઈ.ની દરમિયાનગીરીથી કરવામાં આવ્યા, જેમાના કેટલાક પરિણામો નોંધપાત્ર છે,
- હમલા મંજલ અને ગાંધીગ્રામ સીમતળમાં નોંધપાત્ર કામો થયાં છે.
- વી.આર.ટી.આઈ.ને જળ વ્યવસ્થાપનની શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ નેશનલ અને સ્ટેટ કક્ષાના એવોર્ડ મળ્યા છે.
- ઘરમાં, મોટા બિલ્ડિંગમાં, સોસાયટીમાં, સંસ્થા કે કંપનીમાં, એક પણ નળ ન હોય અને પીવાનું પાણી અને વાપરવાનું પાણી વપરાશ પૂરતું મળી રહે એ શક્ય છે ? તેનો જવાબ છે, હા.
- બારેમાસ વહેતી ગંગા ગટરનું પાણી શુદ્ધ કરી વપરાશ કરવાનુ શક્ય છે, તો જવાબ આપવો પડે છે કે ભુજમાં થયું છે.
- જળ વ્યવસ્થાપનની જવાબદારી વ્યક્તિ, કુટુંબ અને ફળિયું કે સોસાયટી પોતે નહીં કરે ત્યાં સુધી 'તકલીફ તો ભાઈ રહેવાની.'

# પાંચ વર્ષમાં ૭૦ એમ.એલ.ડી. નર્મદાનું પાણી બચશે

*નર્મદાનાં નીર પાઈપલાઈન વાટે ભલેને પહેલી વખત પીવા માટે આવ્યા ને અત્યારે કચ્છના છેવાડાનાં ગામો સુધી નળ વાટે નર્મદાનું પાણી પહોંચતું થયું છે. કચ્છની હયાત ૨૫ લાખની વસ્તી અને ૧૯ લાખ પશુધનને ધ્યાનમાં રાખી પાણી પુરવઠા બોર્ડ દ્વારા કચ્છના ૯૦૦ ગામ, ૭ શહેરમાં ૪૦૦ એમ.એલ.ડી. પાણી પેયજળ માટે પહોંચાડાય છે.*

- એક સમય કચ્છમાં પીવાનું પાણી અને ખૂબ જ તકલીફના દિવસો રહ્યા છે કેમ કે બોરવેલ કે ડેમ આધારિત સ્થાનિક પાણી યોજનાઓ અમલમાં હતી તેને બદલે હવે નર્મદાનું પાણી મુખ્ય બન્યું છે, જ્યારે સ્થાનિક સોર્સ વિકલ્પ રૂપ બનતાં પીવાનાં પાણી માટે

### પાણી લાવશે પરિવર્તન



- માંડવી પાસે ડિસેલિનેશન પ્લાન્ટ કાર્યરત થતાં ભારણ ઘટશે
- કેનાલ આધારિત પણ પેયજળની યોજનાઓ બની જશે

ઈતિહાસમાં મોટો બદલાવ છે.


- પાણી પુરવઠા બોર્ડે નર્મદાનાં પાણીને ધ્યાનમાં લઈ ૨૦૫૦ને ધ્યાને લઈ પેયજળની યોજનાઓ બનાવી હોવાથી પ્રત્યેક વ્યક્તિદિઠ ગામડાંઓમાં ૧૦૦ લિટર અને શહેરોમાં વ્યક્તિદિઠ ૧૪૦ લિટરની ગણતરી પ્રમાણે પેયજળનો જથ્થો વિતરીત કરવામાં આવે છે.
- કચ્છ સો ટકા નર્મદાનાં નીર ઉપર નિર્ભર નથી. કેમ કે, સ્થાનિક સોર્સ ઉપરાંત નજીકના ડેમ વિસ્તારમાં બોરવેલ આધારિત યોજનાઓના સ્થાનિક પાણીને મિક્સ કરી વિતરીત કરવામાં આવે છે.
- ચાર લાખથી વધુ ઘરોમાં નળ જોડાણ વાટે પીવાનું પાણી વિતરીત કરવામાં આવે છે. તેમાં ૪૦૦ એમ.એલ.ડી. પાણી નર્મદાનું પાઈપલાઈન

વાટે ટપ્પર કે માળિયાથી આવે છે, ત્યારે પાણી પુરવઠાના ઈન્ચાર્જ મુખ્ય અધિકારી **કોમલબેન અડાલજા** કહે છે, આગામી પાંચ વર્ષમાં શું થશે ત્યારે તેમણે જવાબ આપ્યો કે, માંડવી પાસે ડિસેલિનેશન પ્લાન્ટ કાર્યરત થઈ જશે.

- માંડવી પાસે ડિસેલિનેશન પ્લાન્ટ વડે ૭૦ એમ.એલ.ડી. ખારાં પાણીમાંથી મીઠું કરવામાં આવશે. એટલે અબડાસા-માંડવી જેવા વિસ્તારોમાં જરૂરિયાત ત્યાંથી સંતોષાશે, તેનાથી જ્યાં જથ્થો વધારવાની જરૂરત છે એવા વિસ્તારમાં પાઈપલાઈન વાટે આવતા ૪૦૦ એમ.એલ.ડી. નર્મદાનાં પાણીનું ૭૦ એમ.એલ.ડી. ભારણ ઘટી જશે.
- પાણી પુરવઠા બોર્ડ દ્વારા ૨૦૨૧માં જ આગામી ૩૦ વર્ષને ધ્યાને લઈ ૨૦૫૦નું માસ્ટર પ્લાન ઘડ્યો હોવાથી ૩૧ નવી પાણી યોજનાને મંજૂરી અપાયેલી હતી, જેના માટે ૬૧૪ કરોડ પણ ફાળવવામાં આવી ચૂક્યા છે.
- એટલું જ નહીં ૨૦૨૩માં કચ્છ આવેલા રાજ્યના પાણી પુરવઠા વિભાગના મંત્રી **કુંવરજીભાઈ બાવળિયા**એ પણ કચ્છમિત્રને જણાવ્યું હતું કે, કચ્છમાં પીવાનાં પાણીની ક્યાંય ખેંચ ન સર્જાય એટલે કેનાલ આધારિત પેયજળની યોજનાઓ શરૂ કરાશે. એક વખત કચ્છમાં કચ્છ શાખા નહેરનું પાણી અને વધારાનાં પૂરનાં પાણી ફૂલ ફ્લેજમાં આવતાં શરૂ થઈ જાય તો આ નર્મદાની કેનાલ કે પાઈપલાઈનમાંથી નજીકની પાણી યોજનાઓને પાણી આપવામાં ખૂબ જ સરળતા થઈ જશે.



# પાણીની તંગી નિવારવાનો સરળ ઉપાય વરસાદી જળનો સંગ્રહ



**- રામજી વેલાણી**

ભુજ તાલુકાનાં જોડિયાં ગામ સુખપર - મદનપુરમાં આજે પણ સાઇઠ ટકા જેટલાં ઘરોમાં સિત્તેરથી વધુ વર્ષથી આ પદ્ધતિનો સફળતાપૂર્વક ઉપયોગ થાય છે, જેમાં રહેઠાણનાં ઘરોમાં દસથી પચીસ હજાર લિટર પાણી સંગ્રહ માટે પાકા મજબૂત ટાંકાઓ તો હોય જ પણ ત્યાં સુધી કે સમાજ વાડીઓ, મંદિરો અને ગામની શાળાઓમાં પણ પચાસ હજારથી એક લાખ લિટર સુધીના ટાંકાઓ બનેલા છે અને જેવો વરસાદ થાય કે સૌથી પહેલાં એ પાણીનો સંગ્રહ કરી લેવાય છે અને રસોઇ તથા પીવાનાં પાણી વિષયે લોકો નિશ્ચિંત થઈ જાય છે.

આવા ટાંકાઓ બનાવવા માટે મકાન બાંધકામની શરૂઆતમાં યોજનાપૂર્વક વિચારવું. મજબૂત અને હવાચુસ્ત ઢાંકણ સાથેના મસ મોટા ટાંકાઓ બનાવાય અને તેમાં મકાનની છત ઉપરથી પડતું વરસાદી પાણી એક પાઈપ વાટે નીચે ઉતારાય. તે પાણીને ફિલ્ટર કરવા માટે ભૂગર્ભમાં તૈયાર કરેલી નાની કૂંડી (ચેમ્બર)માં દેશી પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક પદ્ધતિથી મૂકાયેલી કપચી, રેતી અને રબર ફોર્મ (ગાદલાં)ની સીટમાંથી પસાર કરીને બીજા પાઈપ દ્વારા આ પાણી મુખ્ય ટાંકામાં સંગ્રહિત થાય. આ પાણીનો ઉપયોગ આખું વર્ષ અને ક્યારેક વરસાદ ખેંચાય તો બે વર્ષ સુધી પણ લઈ શકાય. પાણીની શુદ્ધતા બે વર્ષ જાળવી રાખવા માત્ર એટલું જ ધ્યાન રાખવાનું કે વરસાદથી પહેલાં ટાંકો અને મકાનની અગાસી સંપૂર્ણ સાફ કરવામાં આવે અને જીવજંતુઓ ન જાય તે માટે ઢાંકણું વારંવાર ખોલબંધ ન કરવું અને તથા સૂર્યપ્રકાશ ન જાય તે માટે ઢાંકણું હવાચુસ્ત રાખવું.



**દામજીભાઇ જીવનયાત્રા**

- જન્મ વર્ષ : ૧૯૩૭
- જન્મ સ્થળ : કુંદરોડી તા. મુંદરા (કચ્છ)
- કર્મભૂમિ : કેમ્પસ કોર્નર-મુંબઇ
- અરિહંત શરણ : ૨૯ જાન્યુ. ૨૦૨૩
- આજીવન સેવા માટે બિરુદ : વોટરમેન ઓફ કચ્છ

# ગ્લોબલ કચ્છ-કચ્છમિત્રને કચ્છમાં જળસંચય-કૂવા રિચાર્જનાં કામો માટે ૧.૨૫ કરોડનું દાન



- સંજયભાઇ એન્કરવાલા
ટ્રસ્ટી-સૌરાષ્ટ્ર ટ્રસ્ટ

“અમારા પિતા દામજીભાઇ સાથે હોય અને કચ્છમાં જઇએ એટલે પરિવાર પડખે રહી જાય ને કચ્છના ગામોનો વિકાસ, શિક્ષણ, આરોગ્યના પ્રશ્નો, રસ્તા જેવી બાબતો તેમના મન પર હાવી થઇ જાય...

પાંજા દામજીભાઇ આયા અંઇ... એવું જાણીને મળવા આવનારાઓની લાઇન લાગે. એના સાથે પાણીની સમસ્યા, ઘાસચારો, પશુઓની હાલત, પાંજરાપોળો... એ બધું વાતચીતમાં છવાયેલું હોય.

પિતા દામજીભાઇ અનુભવનું ભાથું બાંધીને કહેતા, કચ્છની ધરતીમાં રસ-કસ એવા છે કે, વરસાદ ભરપૂર વરસતો થાય અથવા તો નર્મદાનાં નીર અહીં સુધી પહોંચાડવાનો સમારોહ સર્જાય તો આ મુલક વિકાસની છલાંગ લગાવશે.

માત્ર બોલીને કે સપનું જોઇને બેસી રહ્યા એ સપનું સાકાર કરવા માટે તન-મન-ધનથી મથ્યા, આજે વાગડથી માંડવી સુધી નર્મદા કેનાલમાં લહેરાતાં નીર, ટપ્પર ડેમમાં છલોછલ જળરાશિ, પાકથી લચી પડતા ખેતરો, બાગાયત-કૃષિ વિકાસ જોઇએ ત્યારે પિતાજીએ સેવેલાં સપનાંની- યથાર્થતાની કિંમત સમજાય.

ઇશ્વર કૃપાએ કચ્છમાં વરસાદ નિયમિત થયો છે, નર્મદાનાં નીરનું આગમન થયું છે, પણ કચ્છે પાણી ક્ષેત્રે સ્વાવલંબી બનવું હશે તો પાણીનો કરકસરથી ઉપયોગ કરતા શીખવું પડશે, એની સાથે વરસાદી જળનાં એક-એક ટીપાંનો સંગ્રહ કરવો જરૂરી છે. આ પદ્ધતિમાં પાણી સમસ્યાનો લાંબાગાળાનો ઉકેલ સમાયેલો છે.

પિતાજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા, પણ સૌરાષ્ટ્ર ટ્રસ્ટ અને કચ્છમિત્ર પ્રત્યે વિશેષ લગાવ, કચ્છના લોકોએ પણ તેમને ભરપૂર પ્રેમ-આદર આપ્યા છે.

કચ્છમાં ગ્લોબલ કચ્છ દ્વારા કચ્છ બોર-કૂવા રિચાર્જ, જળસંગ્રહની પ્રવૃત્તિ સુખનું સરનામું સારી રીતે ચાલી રહી છે. એને વ્યાપક બનાવવા માતા શાંતાબેનની ઇચ્છા મુજબ અમારા તરફથી રૂા. સવા કરોડનું યોગદાન જાહેર કરતાં સંતોષ અનુભવાય છે.

કચ્છને પાણીથી સમૃદ્ધ - લીલુંછમ બનાવવાના પિતાજીના સંકલ્પને આગળ વધારવા અમે પ્રતિબદ્ધ છીએ.”



- અતુલભાઇ એન્કરવાલા
ઉદ્યોગપતિ - એન્કર ગ્રુપ

# કચ્છની પાણીની તરસ છીપાઇ તેનો સંતોષ છે...

**“મારું જીવન કચ્છ અને સમાજસેવાને સમર્પિત રહ્યું છે. કચ્છની સમસ્યા અને પીડાને હલ કરવા કચ્છ ઉત્કર્ષની સઘળી પ્રવૃત્તિઓમાં યોગદાન આપવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું છે તેનો સંતોષ છે.”**

